અપીલ અરજી નં.૨૩૩ તા.૨૦–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રીમતી હંસાબેન જે. ગામીત
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી હંસાબેન જે. ગામીતની તા.૧૨–૭–૧૧ની અરજીથી મુદ્દાનં.(૧) અડાજણ રે.સર્વે નં. ૫૧૫,૫૧૬,૫૩૫ ટી.પી.સ્કીમ નં. ૧૨ ફા. પ્લોટ નં. ૪૯ વાળી જમીનમાં આવેલ મુકતાનંદ નગરમાં આવેલ યુનિટો પૈકી આઈ ટાઈપનાં બિલ્ડીંગ નં. ૮માં ફલેટ નં.૫૦૧,૫૦૨ વાળી મિલ્કતમાં ગેરકાયદેસર ચાલતું કેટકો કેન સ્લીમ એન્ડ ટ્રીમ હેલ્થ કલબ બંધ કરવા અમોએ આપેલ તા.૧૪–૩–૧૧ તથા તા. ૫–૭–૧૧ની અરજીની નકલ વિ.મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૩૩/૨૦૧૧–૧૨

શ્રીમતી હંસાબેન જે. ગામીતની તા.૧૨–૭–૧૧ની અરજીથી મુદ્દાનં. (૧) અડાજણ રે.સર્વે નં. ૫૧૫,૫૧૬,૫૩૫ ટી.પી.સ્કીમ નં. ૧૨ ફા. પ્લોટ નં. ૪૯ વાળી જમીનમાં આવેલ મુકતાનંદ નગરમાં આવેલ યુનિટો પૈકી આઈ ટાઈપનાં બિલ્ડીંગ નં. ૮માં ફલેટ નં.૫૦૧,૫૦૨ વાળી મિલ્કતમાં ગેરકાયદેસર ચાલતું કેટકો કેન સ્લીમ એન્ડ ટ્રીમ હેલ્થ કલબ બંધ કરવા અમોએ આપેલ તા.૧૪–૩–૧૧ તથા તા. ૫–૭–૧૧ની અરજીની નકલ વિ.મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ના પત્ર નં.વેસ્ટ ઝોન આરટીઆઈ સેલ/ આઉટવર્ડ નં. /૪૬૦ તા. ૩૦–૭–૧૧થી અસંતોષકારક, અધુરી તેમજ ખોટી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **તથા વિવાદ હેઠળની બાબતે થયેલ તમામ કાર્યવાહીની નોંધ પત્રવ્યવહાર સહ નકલો મોકલાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૮ તા.૩૦–૮–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને તેઓએ કરેલ અરજીની નકલ તેમની પાસે હોય છતાં ખોટી માહિતીના દાવા અંગે આધાર સહ તે રજુ કરવા સાથે તેમના દાવા મુજબ તેવી મિલ્કતના માલિક હોવા અંગેના આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં. ૫૬૯ તા.૧૨–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં૪૬૦ તા.૩૦–૭–૧૧ ના પત્રની નકલ, અરજદારને અગાઉ આપેલ માહિતી તા. ૩૦–૫–૦૯ના બાંહેધરી પત્રક સંદર્ભે આપેલ જવાબ અંગે પત્ર નં. વેસ્ટઝોન/ આ.નં/૫૩ તા. ૬–૪–૧૧ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૨–૭–૧૧ ની અરજીથી અડાજણ રે.સર્વે નં. ૫૧૫,૫૧૬,૫૩૫ ટી.પી.સ્કીમ નં. ૧૨ ફા. પ્લોટ નં. ૪૯ વાળી જમીનમાં ચાલતાં ગેરકાયદેસર બાંધકામ અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં/૪૬૦ તા. ૩૦–૭–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે આપેલ માહિતી આ.નં./ ૪૬૦ તા. ૩૦–૭–૧૧ ના નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ માહિતી અસંતોષકારક અને અધુરી હોવાનું જણાવી તા. ૨૦–૮–૧૧ના રોજ અપીલ અરજી કરેલ છે. જેની સાથે મુદ્દા વાઈઝ અધુરી વિગતોની રજુઆત તેમજ કસુરવારો સામે કાયદેસરની કાર્યવાહીની રજુઆત કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ અડાજણ રે.સર્વે નં. ૫૧૫,૫૧૬,૫૩૫ ટી.પી.સ્કીમ નં. ૧૨ ફા. પ્લોટ નં. ૪૯ વાળી જમીનમાં આવેલ મુકતાનંદ નગરમાં આવેલ યુનિટો પૈકી આઈ ટાઈપનાં બિલ્ડીંગ ફલેટ નં.૫૦૧,૫૦૨ વાળી મિલ્કતમાં ગેરકાયદેસર ચાલતું કેટકો કેન સ્લીમ એન્ડ ટ્રીમ હેલ્થ કલબ બંધ કરવા અમોએ આપેલ તા.૧૪–૩–૧૧ તથા તા. ૫–૭–૧૧ની અરજીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા ન. (૨) થી (૪)માં માહિતી આપેલ છે. જેમા અરજદારે અપીલમાં મુદ્દા નં. (૧)ની પૂર્તતા કઈ જણાવેલ નથી અને બંને અરજીની નકલો આપવા જણાવેલ નથી. જે બંને અરજીની નકલો અમોને મળવી જોઈએ. અરજદારે પોતે જ જો અરજી કરેલી હોય તો તેવી નકલો તેની પાસે હોવી અનુમાનિત છે. મુદ્દા નં.(૨) આ અરજી અન્વયે આપના તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ વેસ્ટઝોનની કચેરી તરફથી આ. નં.૫૩ તા.૬–૪–૧૧ થી નોટીસ /પત્ર લખી સદરહુ શેડનું બાંધકામ દુર કરવા જણાવેલ છે જે પત્ર/નોટીસની નકલ રૂા.૨/– રાંદેરઝોન કચેરીએ ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલ માં મુદ્દા નં. (૨) બાબતે અરજદારે જણાવેલ છે કે મને મળેલ માહિતી પ્રમાણે ખાતા ધ્વારા કેટકો કેન સ્લીમ એન્ડ ટ્રીમ હેલ્થ કલબને બે નોટીસો આપવામાં આવેલ છે. અને સદરહું હેલ્થ કલબ ધ્વારા બાંધકામ તોડવા અંગે

અન્ડરટેકીંગ આપવામાં આવેલુ હતું જે અંગે તથા તેમની બે નોટીસો અંગેની કોઈ નકલ આપવા જણાવેલ નથી. અને ઉપરોકત નકલ પૈકી ફકત તા. ૬–૪–૧૧થી એક નકલ રૂ.૨/–ફી ભરીને લઈ જવાનું જણાવેલ છે જે યોગ્ય નથી. પરંતુ અરજદારે બે નોટીસ હોવાના દાવા અંગે કોઈ આધાર પુરાવા અરજી સાથે કે અપીલ તબકકે રજુ કરેલ નથી. તેવા મુદ્દા નં.૩ સદરહુ હેલ્થ કલબ ચલાવવા માટે આપના તરફથી જો કોઈ પરવાનો આપેલ હોય તો તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ પરવાનગી આપવામાં આવેલ હોવાનું જણાતું નથી. તેવું જણાવેલ છે.જેમાં અરજદારે અપીલ તબકકે ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ પરવાનગી આપેલ નથી તેવી ખોટી માહિતી જણાવેલ છે. ખરી હકીકતમાં ખાતા ધ્વારા ગુમાસ્તાધારા અન્વયે લાયસન્સ રીન્યુ કરી પરવાનગી આપેલ છે. તેમજ તઓની વાંધા અરજી હોવા છતાં તેઓને જાણ કરેલ નથી ગેરકાયદેસર રીતે લાયસન્સ રીન્યુ કરી પરવાનગી આપીને ખોટી માહિતી આપી છે. જવાબદારો સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરી સાચી માહિતી પુરી પાડવા રજુઆત કરેલ છે. મુદ્દા નં.૪ આ હેલ્થ કલબમાં ટેરેસ ઉપર ગેરકાયદેસર શેડ બનાવવામાં આવેલ છે જે અંગે હમોએ રજૂઆત કરેલ છે તે આપના તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેરઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ રાંદેરઝોન કચેરી તરફથી આ.નં.૫૩ તા.૬–૪–૧૧ થી નોટીસ/પત્ર લખી સદરહુ શેડનું બાંધકામ દુર કરવા જણાવેલ છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે આપના તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની વિગત જેમાં તા. ૬–૪–૧૧ના પત્ર જણાવેલ છે. પરંતુ અગાઉ બીજી નોટીસ પણ હેલ્થ કલબને આપવામાં આવી હતી. જેની નકલ તેમજ હેલ્થ કલબ ધ્વારા જો કોઈ બાંહેધરી આપવામાં આવી હોય તો તેની નકલ આપવા જણાવેલ નથી જે યોગ્ય નથી. અત્રે અરજદારે બાંહેધરી પત્રકની નકલ બાબતે અપીલ તબકકે મૂળ અરજીથી અલાયદી માંગણી કરવામાં આવેલ છે. આમ અરજદારની મુખ્ય તકરાર આપેલી માહિતી માં કાર્યવાહી બાબતે તા. ૬–૪–૧૧ના પત્ર સિવાય બીજી નોટીસ તેમજ પરવાના બાબતે ગુમાસ્તા લાયસન્સની વિગતોની નહીં મળેલી માહિતી બાબતેની છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૨–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૪ની તા. ૬–૪–૧૧ના પત્ર સિવાયની બીજી નોટીસ તેમજ મુદ્દા નં.૩ અંગે ગુમાસ્તા લાયસન્સની વિગતો બાબતે જો દફતરે ઉપલબ્ધ હોય તો નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા અથવા દફતરે ઉપલબ્ધ ન હોય તો લાગત ફાઈલોની તપાસણી આરટીઆઈ કાયદાની કલમ ૭(૩) અને નિયમ (૫) હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી પુરી પાડવા અને તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રીમતી હંસાબેન જે ગામીત